# અક્રમ યુથ

સપ્ટેમ્બર ૨૦૨૧ ગુજરાતી    દાદા ભગવાન પરિવાર    ₹ 20



# અનુક્રમણિકા


૪ હું સમય છું !

૫ મહારથી કર્ણ

૬ અક્રમપીડિયા-કપરી કસોટી કર્ણની !

૧૦ નેવર ગિવ અપ !

૧૨ કૌન્તેય કે રાધેય ?

૧૪ મિત્ર કે શત્રુ ?

૧૬ જ્ઞાની વિથ યુથ

૧૭ એક્ટિવીટી

૧૮ કોમ્પિટિશન

૧૯ શ્રેષ્ઠ VS ઉત્તમ

૨૦ દાનવીર કર્ણ

૨૨ દાનના ચાર પ્રકાર

૨૩ #કવિતા

૨૪ 100 Months of AY Celebration



વર્ષ: ૯, અંક : ૫
સળંગ અંક : ૧૦૧
સપ્ટેમ્બર ૨૦૨૧



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

**Subscription**
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.



© 2021, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય

મિત્રો,

આપણા સૌની પ્રિય પૌરાણિક કથા મહાભારતમાં કોઈ એક વ્યક્તિ મુખ્ય પાત્ર કે મહાનાયક નથી. તેમ છતાં મહાભારતના ઘણા પ્રમુખ પાત્રો તેમના આગવા વ્યક્તિત્વને કારણે ઇતિહાસમાં અમર થઈ ગયા છે. પાછલા અંકમાં જેમ આપણે પિતામહ ભીષ્મ વિષે અવનવી વાતો જાણી તેવી જ રીતે આ અંકમાં આપણે આવા જ એક બીજા પ્રભાવશાળી પાત્ર મહારથી કર્ણ વિષે વાત કરવા જઈ રહ્યા છીએ.

મહારથી કર્ણના જીવનના અસંખ્ય વિરોધાભાસી પાસા તેમના વ્યક્તિત્વને વધુ રસપ્રદ બનાવે છે. પોતે ક્ષત્રીય રાજકુમાર હોવા છતાં સારથીના પુત્ર તરીકે જીવનભર અપમાન અને ટોણા સહન કરવા પડ્યા. એક તરફ કર્ણને ભરસભામાં દ્રૌપદીનું અપમાન કરવાની અનુમોદના કરવા અને અભિમન્યુની યુદ્ધમાં અવૈધ રીતે હત્યા કરવા જેવા દુષ્કૃત્યો માટે દોષિત ગણવામાં આવે છે તો બીજી તરફ તેની દાનવીરતા અને વફાદારીની તોલે આખા મહાભારતમાં કોઈ આવી શક્યું નથી. અધર્મના એટલે કે કૌરવોના પક્ષમાં હોવા છતાં તેની છબી જનમાનસમાં એક આદરણીય મહાયોદ્ધા તરીકે કાયમી છે. આની પાછળ શું રહસ્ય હશે ? શું તમે પણ આ મહારથી વિષે વધુ જાણવા મારા જેટલા જ ઉત્સુક છો ? તો ચાલો, વધુ સમય ન ગુમાવતા વાંચીએ... દુર્યોધનના આ પરમ મિત્ર અંગરાજ કર્ણ અને તેમના વિશેની જાણી-અજાણી વાતો, સાથે-સાથે તેમાંથી આપણે શું શીખવું તે પણ સમજીએ....

- ડિમ્પલભાઈ મહેતા

**હેલો ફ્રેન્ડ્સ ...**

તમે બધા ઈન્સ્ટાગ્રામ પર તો હશો જ ને?
હું નથી. પણ, જો હોત તો મારો ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ કંઈક આવો હોત.
''હું સતત વહ્યા જ કરું છું ... પણ, હું નદી નથી.''
''મારી કોઈ શરૂઆત નથી કે કોઈ અંત નથી... હું કાયમી છું !''
''હું કાળચક્રનો નાનામાં નાનો ભાગ છું.''
બોલો હું કોણ છું? ... મને ઓળખ્યો?
હા ... બરાબર સમજ્યા !

# હું સમય છું !

મારા હૃદયમાં કંઈ કેટલીય વાતો સમાયેલી છે. આજે એમાંથી હું તમને એક અનોખા મહારથીની વાત કરવા જઈ રહ્યો છું, જેનું નામ છે ...''કર્ણ'' !



# મહારથી કર્ણ

મહાભારતની ગાથાનું એક અગત્યનું પાત્ર !

રાજકુમારી કુંતીની સેવા-ભક્તિથી પ્રસન્ન થઇ મહર્ષિ દુર્વાસાએ તેમને દૈવી મંત્રો આપ્યા, જેનું આરાધન કરી તેઓ દેવો પાસેથી ઈચ્છે તેવા પુત્ર પ્રાપ્ત કરી શકે.



''શું ખરેખર આ મંત્રોથી પુત્ર મળે ?'' એમ તપાસ કરવાની કૂતુહલતાથી કુંતીએ સૂર્યદેવની આરાધના કરી અને આ શું! તેના ગર્ભથી સૂર્યપુત્ર કર્ણ અવતર્યા ! હવે કુંવારી કુંતી બાળકની માતા બને તો લોકોમાં નિંદા થાય. એટલે ભયભીત થઈને પોતાની ભૂલ છૂપાવવા કુંતીએ બાળકને જન્મ આપતાં જ નદીમાં વહેતો મૂકી દીધો.

બીજી બાજુ, પુત્રને ઝંખતા સારથી અધીરથ અને તેની પત્ની રાધાને, નદીમાં વહેતા બાળકને જોઈને મમતા ઉભરાઈ આવી અને પોતાના ઘરે લઈ આવ્યા. સૂર્યદેવ પાસેથી જન્મથી જ કવચ અને કુંડળ ધરાવતા તેજસ્વી રાજકુમારનો ઉછેર સાધારણ સારથીના ઘરમાં થયો, જે મોટા થઈને 'રાધેય' તરીકે ઓળખાયા.

**સમય-સમયની વાત છે !**

**શાસ્ત્રોમાં તો એવો ઉલ્લેખ છે કે, કર્ણ આવતી ચોવીસીના વીસમા તીર્થંકર ભગવાન થશે !**

તો જોઈએ, એવું શું બન્યું કર્ણના જીવનમાં... જેથી તેઓ માનવમાંથી મહામાનવ બન્યા? વાત લાંબી છે એટલે ચાલો, આપણે સ્ટારબક્સ જઈએ અને હોટ ચોકલેટ પીતાં-પીતાં વાતો કરીએ.

# અક્રમપીડિયા




**નામ : આયુષ મહેતા**
**ઉંમર : ૨૨ વર્ષ**

## કપરી કસોટી કર્ણની !

**આયુષ** : હર્ષ, યાર... ડ્રામાને ૨ જ દિવસ બાકી છે અને હું આ કર્ણના કેરેક ટરમાં ફીટ જ નથી થતો.

**હર્ષ** : કેમ, શું થયું ?

**આયુષ** : યાર, આ કર્ણનો રોલ મને ડિફિકલ્ટ લાગે છે. એક્ટિંગ કરવા માટે તમારે કેરેક્ટરમાં પહેલાં ઉતરવું પડે પણ, હું કર્ણને સમજી જ નથી શકતો.


**હર્ષ** : કેમ, એમાં શું અઘરું છે ?

**આયુષ** : લાગે છે તને કર્ણની સ્ટોરી નથી ખબર. વેઈટ, હું તને મારી સ્ક્રિપ્ટની સ્ટોરી કહું.

કર્ણ બ્રાહ્મણપુત્ર તરીકે પોતાની ખોટી ઓળખ આપીને પરશુરામ પાસે શસ્ત્રનો અભ્યાસ કરતા હતા. ગુરુ પરશુરામ પણ કર્ણ પર પુષ્કળ પ્રેમ અને વિશ્વાસ રાખતા અને ઉત્તમ શસ્ત્રકળા શીખવતા. એક દિવસ તેઓ કર્ણના ખોળામાં માથું મૂકી સૂતા હતા. એટલામાં, એક મોટો ભમરો ઉડતો-ઉડતો કર્ણના સાથળ ઉપર બેઠો અને જોરથી ડંખ માર્યો. કર્ણને ભયંકર પીડા થઈ પણ ગુરુની ઊંઘમાં ખલેલ ન પહોંચે એ આશયથી હલ્યા વગર વેદના સહન કરતા રહ્યા. તેમના પગમાંથી લોહી વહેવા માંડ્યું. ગરમ લોહીનો સ્પર્શ થતાં જ ગુરુ પરશુરામ જાગી ગયા. તેની સેવા અને સહનશીલતા માટે ખુશ થવાને બદલે ગુરુ એકદમ ગુસ્સે થઈ ઉઠ્યા.

‘‘તું બ્રાહ્મણ નથી. બ્રાહ્મણમાં આવી સહનશક્તિ કે ધીરજ ન હોઈ શકે. તું કઈ જ્ઞાતિનો છે મને કહી દે !’’

કર્ણએ સૂતપુત્ર તરીકેનો પોતાનો સાચો પરિચય આપ્યો.



એ સાંભળીને તરત જ પરશુરામે કર્ણને શ્રાપ આપ્યો કે **''તે છળ કરીને મારી પાસેથી વિદ્યા મેળવી છે માટે તને જ્યારે વિદ્યાની સૌથી વધારે જરૂર હશે ત્યારે તું એને ભૂલી જઈશ !''**

**હર્ષ** : ઓહ, ગુરુની હાજરીમાં આટલી ડિસિપ્લિન ! અને આટલું બધું કર્યું પણ એક ખોટું બોલ્યા એની આટલી મોટી સજા ?

**આયુષ** : ખોટું ?... આ તો વિશ્વાસઘાત કહેવાય હર્ષ... એ પણ આમ છળ-કપટ સાથે.

**હર્ષ** : હં... પણ કર્ણને બહુ દુ:ખ થયું હશે.

**આયુષ** : હા યાર... પણ આટલું બધું થવા છતાં કર્ણનો એના ગુરુ માટેનો વિનય ઓછો નહતો થયો. અને આપણે... ?

**હર્ષ** : ક્લાસ બંક કરવા... ટીચરની મશ્કરી કરવી... ચાલુ ક્લાસમાં તોફાન કરવા... ટીચર કંઈ કહે તો સામે આર્ગ્યુમેન્ટ કરવા... આ બધું કરીએ.

**આયુષ** : એટલે આ બધું ટીચરનો અવિનય છે ? અને એટલે જ હું આ રોલ પ્લે નથી કરી શકતો ?

**હર્ષ** : હં... એક વિડીયો બતાવું. એમાં આવો જ કોઈનો સવાલ હતો.


**પ્રશ્નકર્તા**: મારો પ્રશ્ન એવો છે કે અમે કૉલેજમાં રૂલ્સ બ્રેક કરીએ અને ટીચરનો અવિનય કરીએ એમાં કંઈ કનેક્શન છે ? જેમ કે, કૉલેજમાં રૂલ્સ હોય કે ક્લાસમાં ફોન યુઝ નહીં કરવાનો, લેક્ચરની વચ્ચે ખાવાનું નહીં, કોઈની પ્રોક્સી નહીં ભરવાની, ટીચરની સામે નહીં બોલવાનું, સબમિશન ટાઈમ પર કરવાનું વગેરે. એ બધા રૂલ્સ ફોલો ન કરીએ તો એને ગુરુનો અવિનય કહેવાય ? પૂજ્યશ્રી, અવિનય બહુ મોટો શબ્દ લાગે અને આ બધું નાનું લાગે છે. તમે સમજાવોને.

**પૂજ્યશ્રી**: આપણે કોલેજમાં ભણવા જઇએ છીએ કે...? અને એ લોકો રિસેસ આપે છે કે નથી આપતા ?

**પ્રશ્નકર્તા**: આપે છે.

**પૂજ્યશ્રી**: તો આપણે આગળ-પાછળ ખાઈ શકાય ને ? તમારે ફોન વાપરવો હોય તોય આગળ-પાછળ વાપરી શકો ને ?

**પ્રશ્નકર્તા**: હા




**પૂજ્યશ્રી**: તો, પછી કૉલેજમાં ભણવા જઇએ છીએ તો ભણવાનું ધ્યાન રાખોને. ભણતી વખતે ફોન કરો, મજાક કરો, કોઈકની મશ્કરી કરો, ખાવાનું ખાઓ તો ટીચર રાજી થાય ?

**પ્રશ્નકર્તા**: ના.

**પૂજ્યશ્રી**: અત્યારે તમે સત્સંગ એકાગ્રતાથી સાંભળો છો ને, ખાવાનું બાજુ પર મૂકીને ! આ જ્ઞાનની વાત છે ને પેલી વ્યવહાર અને ભણતરની વાત છે એટલે ત્યાં અવિનય કહેવાય જ. નાની-નાની ભૂલ કરીએ પછી મોટી ભૂલ કરતાં અટકીશું નહીં આપણે. આપણે ભણવા જઈએ છીએ એટલે સિન્સિયરલી ભણવાનું. આગળ-પાછળ ટાઈમ હોય તો મજા કરો, આનંદથી રહો અને એવી મશ્કરી ન કરો કે કોઈને નુક્સાન થાય, દુઃખ થાય.

**પ્રશ્નકર્તા**: પણ, પૂજ્યશ્રી આશય અમારો ટીચરનો અવિનય કરવાનો નથી હોતો, ખાલી ક્યારેક આળસમાં, મસ્તીમાં, ક્યારેક ઈગોમાં આવીને અમે રૂલ્સ બ્રેક કરી લઈએ.

**પૂજ્યશ્રી**: હા, પણ અત્યારે તમે મને પ્રશ્ન પૂછતા હો, અને હું આમ-તેમ જોતો હોઉં, તમને સાંભળું નહીં, તો તમને ગમે ? હું તમારી સાથે વાત કરતો હોઉં અને તમે ચોકલેટ ખાધાં કરો, તો પછી મજા આવે વાત કરવાની ?

**પ્રશ્નકર્તા**: ના.

**પૂજ્યશ્રી**: તો ટીચર ભણાવતા હોય અને આપણે બીજું બધું કર્યા કરીએ એ કેટલો અવિનય કહેવાય ! તમને ખબર છે, જ્ઞાન ઉપરથી નીચે આવે. એટલે આપણે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો વિનયમાં રહેવાનું. તમે એવું તોફાન કરો, ખાઓ-પીઓ, ફોન કરો, મજાક-મશ્કરી કરો તો તમે અવિનય કરો છો. પછી તમને એક પણ શબ્દ જ્ઞાનનો ઉતરશે નહીં અને ઉપરથી બીજું શીખવા જશો તો આવરણ ચડી ગયું હશે, તમને ધારણ જ નહીં થાય. તમને થશે 'કેમ મને સમજાતું નથી ?' કારણ કે આપણે ગુનો કર્યો છે, અંતરાય પાડ્યા છે.

ભલે ઓછું સમજાય કે ન સમજાય, પણ શાંતિથી બેસવાનું અને ધ્યાનથી શીખવાનું. તો ધીમે-ધીમે સમજણ પડતી જશે, આવરણ તૂટતાં જશે. ટીચરના શુદ્ધાત્માને પ્રાર્થના કરાય, **'હે શુદ્ધાત્મા ભગવાન ! ટીચર જે શીખવાડે છે એ પૂરે પૂરું જ્ઞાન સમજાય એવી કૃપા કરજો'**, તો બોલો, ઓછી મહેનતથી સરસ જ્ઞાન આપણને પ્રગટ થઇ જશે. અને ટીચર શીખવાડતા હોય ત્યારે દુરુપયોગ કરીએ અથવા મજાક-મશ્કરી કે અવિનય કરીએ તો બે નુક્સાન થાય. એક તો ટાઈમ બગાડ્યો, ટીચરનો અવિનય કર્યો અને આપણને ભવિષ્યમાં જ્ઞાન ઉપર આવરણ ચડશે. એટલે ન કરાય આવું. એના કરતાં તમે આગળ-પાછળ ખાવાનું-પીવાનું કરી લો, ફોન-બોન પતાવી દો, ક્લાસમાં સરસ એકાગ્રતાથી ભણી લો. એકાગ્રતાથી ભણશો ને તો પરીક્ષા વખતે ઓછું ભણવું પડશે !



**આયુષ :** ઓહ આઈ સી... મને હવે બરાબર સમજાઈ ગયું કે વિનય એટલે શું ? અને એ પણ સમજાઈ ગયું કે કર્ણના જીવનમાંથી બે વસ્તુઓ શીખવા જેવી છે. એક તો શું કરવું, અને બીજું શું ન કરવું. મને લાગે છે હવે હું કર્ણનો રોલ બરાબર પ્લે કરી શકીશ.

# નેવર ગિવ અપ !



**આ તો સમય-સમયની વાત છે !**

મિત્રો, વિચારો કે તમે કોઈ અઘરું કામ પૂરું પાડવા મહેનત કરતા હો અને લોકો તમને આવીને કહે કે...

‘‘તું નાલાયક છું, તને કશું નથી આવડતું !’’

‘‘કેવાં કેવાં લોકો અહીં આવી જાય છે !’’

‘‘તને કેટલી વાર એક ને એક વાત કહેવાની ? મગજમાં ઉતરતું નથી ?’’

‘‘તારા કરતાં તો બીજા વધારે સારું પરફોર્મ કરે છે, યુ આર એ ફેઈલિયર !’’

‘‘તારાથી આ નહીં જ થાય !’’

... તો શું તમારો ઉત્સાહ ટકી રહે ?

તમે શાંતિથી સાંભળીને પોતાનું કામ કરી શકો ?

તમે કામ પૂરું કરો કે વચ્ચેથી છોડીને ભાગી જાઓ ?

**જોઈએ, કર્ણની લાઈફમાં શું બન્યું હતું.**

મહાભારતનું યુદ્ધ શરૂ થયું ત્યારની આ વાત છે. દુર્યોધને કપટ કરીને પાંડવોના પક્ષમાં રહેલા શૈલ્ય રાજાને પોતાના પક્ષમાં કરી લીધા અને તેમને કર્ણના સારથી બનાવ્યા. પોતાની આ ભૂલનો પસ્તાવો થતાં શૈલ્ય રાજાએ પાંડવો પાસે જઈને માફી માંગી અને બદલામાં કોઈ એક વચન માંગવા કહ્યું. પાંડવોએ શૈલ્ય રાજા પાસેથી વચન માંગ્યું કે યુદ્ધમાં કર્ણને વારેવારે અપમાનિત કરીને તેના ઉત્સાહને તોડી પાડવો અને એ વચન પ્રમાણે શૈલ્ય રાજાએ કર્ણને યુદ્ધના મેદાનમાં ખૂબ સંભળાવ્યું !

‘આપ ભલે રાજા બની ગયા પણ ક્ષત્રિય કુળના તો ન જ કહેવાઓ. આખરે તો સૂતપુત્ર જ ને !’

‘તમારા ગુરુથી તો તમને શ્રાપ જ મળ્યો. જ્યારે અર્જુનને તો એવા ગુરુ મળ્યા જેમણે એને મહાન ધનુર્ધર બનાવ્યો.’

‘અર્જુન તો જીતશે જ, કેમકે વાસુદેવ શ્રીકૃષ્ણ એના સારથી છે. યુદ્ધમાં તમારી હાર નિશ્ચિત છે !’

‘અર્જુન તો અર્જુન છે, એની તોલે કોઈ ધનુર્ધારી ન આવે. તમારા કવચ અને કુંડળ પણ અર્જુન સામે કામ નહીં આવે રાધેય’

‘પાંડવો ભલે પાંચ છે, પણ સો કૌરવો કરતાં સવાયા છે !’

આ બધું સંભાળીને કર્ણને શૈલ્ય રાજા ઉપર અવિશ્વાસ જરૂર થયો, પણ તોય તેઓ શાંત રહ્યા. કોઈ કાચાં-પોચાંના આત્મવિશ્વાસને ધૂળધાણી કરી નાખે એવાં શબ્દો સાંભળવા છતાં, કર્ણનો આત્મવિશ્વાસ જરાય ડગ્યો નહીં. ઉલટું તેઓ યુદ્ધ મેદાનમાં અર્જુનને બરોબરીની ટક્કર આપવા અડગ રહ્યા.

**આ તો સમય-સમયની વાત છે !**

મિત્રો, થોડું અટકીને વિચારો...જ્યારે કોઈ કામમાં તમારા ઉત્સાહને તોડી પાડતા નેગેટિવ સંજોગો ઊભા થયા ત્યારે તમે એ કામમાં તમારું ૧૦૦% યોગદાન આપી શક્યા હતા કે તમે ગિવ અપ કરી એ કામ મૂકી દીધું હતું ?

# કૌન્તેય કે રાધેય ?

આજકાલ 'મા' કે 'માતા' બોલવાનું તો ભૂલી જ ગયા છે. બધા 'મમ્મી' જ કહીને બોલાવે છે. સમય-સમયની વાત છે ભાઈ !

''મમ્મી... !''

આ શબ્દ કાને પડતાં જ તમને શું યાદ આવે ?

હા ! પ્રેમ, હસતો ચહેરો, હૂંફાળો ખોળો, મમ્મીનો વહાલ, મમ્મીના હાથની રસોઈ... અને મમ્મીની કચકચ પણ ! ખરું ને ?


મમ્મી આપણા માટે કેટલું કરે છે એ તો આપણને ખબર જ છે, નહીં ? તોય આપણે ઘણીવાર તેમની કદર કરતાં નથી. ઉલટાનું તેમના ઉપર ગુસ્સો કરી દુઃખ આપી દઈએ છીએ અને ક્યારેક સામો જવાબ પણ આપી દઈએ છીએ.

**મિત્રો, તમને ખબર છે ? કર્ણના ઘણા નામો છે. કર્ણ, સૂર્યપુત્ર, અંગરાજ, વાયુસેના, દાનવીર, રાધેય...**

પણ તેમને રાધેય તરીકે જ ઓળખાવાનું વધારે પસંદ હતું. કેમ ? કારણ કે, તે નામ તેમની માતા સાથે જોડાયેલું હતું. કર્ણના જીવનમાં એક નહીં, બે-બે મા હતા. એક તેમને જન્મ આપનાર માતા કુંતી અને બીજા તેમનું પાલન કરનાર માતા રાધા.

કર્ણને જ્યારે ખબર પડી કે તેમની જન્મ આપનારી માતા રાધા નહીં પણ મહારાણી કુંતી છે, તે પછી પણ પાલક માતા રાધા પ્રત્યે તેમના પ્રેમ અને આદર ઓછા થયા નહતા. કર્ણને ખ્યાલ હતો કે તેમને જે માન અને સામાજિક સ્વીકૃતિ જોઈએ છે તે 'કૌન્તેય' (કુંતીપુત્ર) તરીકે મળી રહેશે. છતાં તેઓ દિલથી 'રાધેય' (રાધાના પુત્ર) તરીકે જ ઓળખાવાનું પસંદ કરતા.

એ સમયે પુત્રનું નામ બાળકના પિતાના નામને આધારે જ પડતું. જેમકે, 'પાંડુ' રાજાના પુત્રો 'પાંડવો' કહેવાયા. 'કુરુ' રાજાના વંશજો 'કૌરવો' કહેવાયા. આજે પણ આપણા નામ પાછળ પિતાનું નામ લગાડવામાં આવે છે. પરંતુ કર્ણ હંમેશા પોતાને પિતા અધીરથના નામને બદલે પોતાની માતા રાધાના નામથી ઓળખાવતા.



આ દર્શાવે છે કે કર્ણને તેમના માતા પ્રત્યે કેટલો આદર હતો, તેમનું કેટલું મહત્ત્વ હતું !



# મિત્ર કે શત્રુ ?



કર્ણનું પાત્ર મહાભારતનું સૌથી કરુણ પાત્ર રહ્યું છે.

નાનપણથી જન્મદાતા માએ તેમને છોડી દીધો, રાજકુંવર હોવા છતાં એક સારથીના પુત્ર તરીકે જીવન જીવ્યું અને એથી સમાજના સતત અપમાન અને તિરસ્કાર સહન કર્યા એ કંઈ જેવી-તેવી કરુણતા ન કહેવાય. તેથી જ અર્જુન પ્રત્યે તમેના દ્વેષ, ઈર્ષા અને બદલાની ભાવના વધતા જ રહ્યા.

એવામાં કર્ણને દુર્યોધનનો એક મિત્ર તરીકેનો સંગ મળ્યો અને એ મિત્રતાને તેઓ ઠેઠ સુધી વફાદાર રહ્યા. જો દુર્યોધન તેમના જીવનમાં ન આવ્યા હોત તો કદાચ કર્ણના જીવનમાં યુદ્ધની સ્થિતિ ન આવી હોત.

પણ, સમય-સમયની વાત છે !

કર્ણની મિત્રતાનો એક નાનકડો દાખલો આપું.

જ્યારે દુર્યોધન તેની સેના સાથે હસ્તિનાપુરથી કુરુક્ષેત્ર જવા નીકળી રહ્યા હતા, ત્યારે તેમના પત્ની ભાનુમતીને ખૂબ ચિંતા થતી હતી. દુર્યોધનના તેને સાંત્વન આપવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા.ત્યારે મિત્ર કર્ણએ ભાનુમતીને ખાતરી આપતા કહ્યું કે, ''હું દુર્યોધનની મારા છેલ્લા શ્વાસ સુધી રક્ષા કરીશ.'' આખરે કર્ણના આ શબ્દો સાંભળીને ભાનુમતીને શાંતિ થઈ.

આ મિત્રતાનું કારણ શું હતું, ખબર છે ?

જ્યારે ચારે બાજુથી કર્ણને તિરસ્કાર અને અપમાન આવ્યા, ત્યારે દુર્યોધને અંગ દેશના રાજા તરીકે કર્ણનું બહુમાન કર્યું. જ્યારે બધા કર્ણને ક્ષત્રિય તરીકે નહતા સ્વીકારતા, ત્યારે દુર્યોધને પોતાની સેનામાં તેમને સ્થાન આપ્યું. દુર્યોધનને પાંડવો સામે બદલો વાળવો હતો અને કર્ણના દિલમાં પણ અર્જુનને હરાવવાની ઝાળ લાગી હતી. શત્રુનો શત્રુ એ મિત્ર, એ અપેક્ષાએ દુર્યોધને પાંડવો સામે બદલો વાળવા માટે કર્ણ તરફ મિત્રતાનો હાથ લંબાવ્યો અને કર્ણએ દરેક પગલે પોતાના મિત્રને સાથ આપ્યો.

કદાચ આ કર્ણની સૌથી મોટી ભૂલ હતી. મિત્રતા તૂટે નહીં અને મિત્રનું ઋણ ચૂકવાય તેની ઝંખનામાં કર્ણ સારા-ખોટાનો વિવેક ભૂલી ગયા. આમ કરવાને બદલે કર્ણ, કદાચ દુર્યોધનને સાચી સમજ આપી યોગ્ય રસ્તે દોરવાનો પ્રયત્ન કરી શક્યા હોત.

મિત્રો, એવું ક્યારેય તમારી લાઈફમાં બન્યું છે કે, કોઈ સાથે ફ્રેન્ડશીપ ટકાવવા, તમે ખોટા કામમાં પણ તેનો સાથ આપ્યો હોય ? અથવા તેને સાચા માર્ગે ન દોર્યો હોય ?

**ચાલો જોઈએ, સાચો ફ્રેન્ડ કોને કહેવાય ?**



# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા:** દીપકભાઈ, મારે સત્સંગમાં આવવું હોય પણ મારા ફ્રેન્ડને ન ગમતું હોય, એટલે એમને જૂઠું-સાચું બોલીને હું સત્સંગમાં આવી જંઉ તો એ મારા માટે તો ફાયદાકારક જ છે ને ? એવું કરવાથી અમારે ઝગડો તો ન થાય !

**પૂજ્યશ્રી:** તારા એવા કેવા ફ્રેન્ડ છે કે તું સાચું કહું તો એ લોકોને વાંકું પડે ? વાંકુ પડે તો એને ફ્રેન્ડ કહેવાય જ કેવી રીતે ?

ગલીના નાકા ઉપર ઉભા રહીને વાતો કરવાની, એ ફ્રેન્ડ છે આપણા ?!! એવા ફ્રેન્ડ ધીમેથી ઓછા કરતા જાઓ. આ રાગ-દ્વેષ થતા હોય તો એની જોડે ફ્રેન્ડશીપ શું કરવાની ? સત્સંગવાળા જોડે ફ્રેન્ડશીપ કરને ! તો સત્સંગની વાતો થાય. બાકી આ ફ્રેન્ડ જોડે જો ઝઘડા થતા હોય, આપણે જૂઠું બોલવું પડે, તો શું અર્થ ? તું એને કહે કે હું સત્સંગમાં જાઉં છું, તો એ આવે ખરા તારી સાથે ?

**પ્રશ્નકર્તા:** ના.

**પૂજ્યશ્રી:** તો એ ફ્રેન્ડ શું કામના ? ઉલટું એ તારી મશ્કરી કરે કે આ મોટો સાધુ થઈ ગયો. તો પછી આપણે કહેવાની જરૂર જ શું છે ? ફ્રેન્ડશીપ રાખવાની પણ સુપરફ્લુઅસ રહેવું એની સાથે. ફ્રેન્ડશીપ ટકી તો સાચી અને ન ટકી તો છૂટી. સમજાય છે ને ? સુપરફ્લુઅસ રહેવાનું. બહુ અટેચમેન્ટ કરીએ ને, એટલે ઝઘડા થાય પછી.



**બહુ વાતો થઈ. હવે એક્ટિવીટી કરીએ.**

# એક્ટિવીટી

**મહાભારતમાંથી અર્જુન અને કર્ણ દ્વારા બોલાયેલા ૮ વાક્યો અહીં લીધા છે. તમારે એ ઓળખવાનું છે કે કયા વાક્યો અર્જુન દ્વારા બોલાયા છે અને કયા વાક્યો કર્ણ દ્વારા બોલાયા છે.**

**૧** જે દિવસથી તેં હસ્તિનાપુરની સ્પર્ધામાં ભાગ લીધો છે, તે દિવસથી તને હરાવવા માટે હું રાહ જોઈ રહ્યો છું.

અર્જુન / કર્ણ

**૨** મને કેવળ પક્ષીની આંખ જ દેખાય છે, ગુરુદેવ.

અર્જુન / કર્ણ

**૩** એ નિરંતર મારી સાથે સ્પર્ધા કરે છે. જ્યારે ખરો શૂરવીર માત્ર ઉત્તમ બનવાનું જ લક્ષ્ય રાખે છે.

અર્જુન / કર્ણ

**૪** પોતાની ક્ષમતાને સિદ્ધ કરવા, મેં મારી વાસ્તવિકતાને છુપાવી હતી. અને મને ખુશી છે કે અંતમાં હું કુશળ યોદ્ધા સાબિત થયો.

અર્જુન / કર્ણ

**૫** **શિષ્યઃ** અંધારું થઇ ગયું છે. હવે લક્ષ્ય દેખાતું નથી.
**ગુરુઃ** અર્થાત્ તારી આંખો નબળી છે. એક યોદ્ધાને પોતાની નબળાઈઓનો ખ્યાલ હોવો જ જોઈએ.
**શિષ્યઃ** મારી આંખો નબળી નથી ગુરુ દ્રોણ, પણ અંધારું એ મર્યાદા છે.
**ગુરુઃ** જો કોઈ હાથથી પથ્થર ન તોડી શકે તો મર્યાદા પથ્થરમાં છે કે એનો હાથ નબળો છે ?
**શિષ્યઃ** હું આ અંધારા સામે વિજય જરૂર મેળવીશ.

અર્જુન / કર્ણ

**૬** ગુરુ દ્રોણ ઉત્સાહમાં તમે તમારા શિષ્યોને વિશ્વના સર્વશ્રેષ્ઠ ધનુર્ધર ઘોષિત કરી દીધા, પણ તમારું આ કથન હું મિથ્યા સાબિત કરીશ.

અર્જુન / કર્ણ

**૭** તમે એકલવ્યનો અંગુઠો કેમ માંગી લીધો, ગુરુદેવ ? મારે સર્વશ્રેષ્ઠ બનવાનું છે, મારી સ્પર્ધા કોઈ બીજા સાથે નહિ, મારી પોતાની સાથે જ છે.

અર્જુન / કર્ણ

**જવાબ** : ૧) કર્ણ ૨) અર્જુન ૩) અર્જુન ૪) કર્ણ ૫) અર્જુન ૬) કર્ણ ૭) અર્જુન

**સમય-સમયની વાત છે. પણ અમુક વસ્તુઓ સમય સાથે નથી બદલાતી, જેમાંથી એક છે ''સ્પર્ધા'' એટલે કોમ્પિટિશન.**

# કોમ્પિટિશન

કર્ણ અને અર્જુન બંને સામસામી કોમ્પિટિશન તો કરી રહ્યાં હતા, પણ બંનેના અભિગમ (એટીટ્યુડ) અલગ હતા, એ તમને એક્ટિવીટીના સાચા જવાબથી સમજાઇ ગયું હશે. સ્પર્ધા ખરાબ નથી, પણ, જો એ હેલ્ધી રીતે કરવામાં આવે તો.

### અનહેલ્ધી કોમ્પિટિશન

(બીજા સાથે સ્પર્ધા)

- પોતાની વેલ્યુ વધારવા માટે.
- બીજાનું એટેન્શન મેળવવા માટે.
- બીજાને નાના દેખાડવા માટે.
- ....................................................
- ....................................................
- ....................................................
- ....................................................
- ....................................................
- ....................................................

### હેલ્ધી કોમ્પિટિશન

(પોતાની જાત સાથે સ્પર્ધા)

- પોતાની ક્ષમતા વધારવા માટે.
- પોતે પોતાનાથી જ ચડિયાતા સાબિત થવા માટે.
- બીજાને ઉપયોગી થવા માટે.
- ....................................................
- ....................................................
- ....................................................
- ....................................................
- ....................................................

# શ્રેષ્ઠ VS ઉત્તમ



આજની સ્પર્ધાત્મક દુનિયામાં આપણે બધા સફળ થવા માટે એક રેસમાં ભાગી રહ્યા છીએ. પણ ક્યાં પહોંચવું છે એ ભૂલાઈ ગયું છે.

ભય એ વાતનો છે કે હું બીજાથી પાછળ ન રહી જાઉં. પણ, કોઈ વિચારતું નથી કે હું જ્યાં છું ત્યાં એવો શું ફેરફાર કરું કે પોતાની જાતને વધુ સારી બનાવી શકું ?

આપણને બધાને સર્વશ્રેષ્ઠ બનવું છે, કર્ણની જેમ. પણ શું આપણે આપણું લક્ષ્ય અર્જુનની જેમ ઉત્તમ બનવાનું ન રાખવું જોઈએ ?
તમને થશે, શ્રેષ્ઠ અને ઉત્તમમાં ફેર શું છે ? હું તમને જણાવું.

**શ્રેષ્ઠ એટલે શું ?** શ્રેષ્ઠનો અર્થ છે કે, બીજા કરતાં અધિક જ્ઞાન, અધિક આવડત, ક્ષમતા કે શક્તિ મેળવવા. આમાં મૂલ્ય એ વાતનું નથી હોતું કે પોતે કેટલું પ્રાપ્ત કર્યું, પણ મૂલ્ય એ વાતનું હોય છે કે જે પ્રાપ્ત કર્યું એ બીજાની સરખામણીમાં કેટલું વધારે છે.

**જ્યારે ઉત્તમનો અર્થ છે કે,** જેટલું પ્રાપ્ત કરવા લાયક છે એટલું બધું જ પ્રાપ્ત કરી લેવું. અને કોઈ બીજા સાથે સ્પર્ધા કરવાની જગ્યાએ પોતાની સાથે જ સ્પર્ધા કરવી. જે વ્યક્તિ ઉત્તમ બનવાનો પ્રયત્ન કરે છે એ આપોઆપ પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ બની જ જાય છે. પરંતુ, જે બીજા કરતા શ્રેષ્ઠ બનવા ઉપર જ ફોકસ કરે છે, તે પોતાના ક્ષેત્રમાં ઉત્તમ કદી નથી બની શકતા.

તો મિત્રો, તમે જ નક્કી કરો... તમારે શ્રેષ્ઠ થવું છે કે ઉત્તમ ?

# દાનવીર કર્ણ



કર્ણના જીવનના ઘણા સારા-નરસાં પાસાં આપણે જોયા અને તેમાંથી શીખ્યા. હવે કર્ણનો એક એવો પરિચય મેળવીએ જે ઇતિહાસમાં અજોડ છે. 'દાનવીર કર્ણ' તરીકેનો.

દાન એટલે બીજાને આપણું કંઈક આપી તેને સુખ આપવું તે. અને દાનવીર એટલે જે વીરતાથી દાન આપે, જેને દાન આપતી વખતે પોતાની જાતનો વિચાર સુદ્ધાં ન આવે.
સમય-સમયની વાત છે.

દાનવીર કર્ણ પાસેથી કોઈ ખાલી હાથે પાછું નહતું જતું. કર્ણએ આખી જિંદગી પોતાની પાસે જે હતું તે બીજાને માટે લૂંટાવ્યું હતું. એ પછી પોતાનું ધન હોય કે પોતાની જ રક્ષા માટે ચામડીથી ચોંટેલા કવચ-કુંડળ હોય. જ્યારે પણ કોઈએ તેમની પાસે આવીને જે કંઈ માંગ્યું, કર્ણએ પળનો ય વિચાર કર્યા વિના તે આપી દીધું.

તો ચાલો, મારી નજરથી તમને બતાવું એ દાનવીરની વીરતાનો એક પ્રસંગ...

મહાભારતના યુદ્ધનો એ દિવસ, જ્યારે કર્ણ અને અર્જુન બંને સામસામી યુદ્ધ લડી રહ્યા હતા. લડાઈ વખતે કર્ણના રથનું એક પૈડું તૂટી ગયું. તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા, તેથી તેમના સૈનિકો કર્ણને રણમેદાનમાંથી બહાર લઈ આવ્યા.


તે વખતે ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું કે, ''તે કર્ણને એક કુશળ યોદ્ધા તરીકે તો જોયો, હવે તેની દાનવીરતા તને બતાવું''. કૃષ્ણ અને અર્જુન બંને બ્રાહ્મણનો વેશ ધારણ કરી, કર્ણ જ્યાં હતો ત્યાં ગયા અને કર્ણ પાસે ભિક્ષા માંગી. કર્ણએ કહ્યું, ''ભૂ-દેવ, હું મરણસ્થિતિમાં આપને શું ભિક્ષા આપી શકું ?''. બ્રાહ્મણના વેશમાં શ્રીકૃષ્ણએ કહ્યું કે ''અમે તો સાંભળ્યું છે કે, અંગરાજ કર્ણ પાસેથી કોઈ ખાલી હાથ નથી જતું.''

કર્ણએ તરત જ પથ્થર લઈ પોતાનો સોનાનો દાંત તોડી નાખ્યો. પછી પોતાના ધનુષથી ધરતીમાં તીર માર્યું, જ્યાંથી પાણીનો ફૂવારો ફૂટ્યો. કર્ણએ સોનાના દાંતને પાણીથી સાફ કરી બંને બ્રાહ્મણોને ભેટ ધર્યો.

કર્ણની આવી અદ્‌ભુત દાનવીરતા જોઈ અર્જુન તો સ્તબ્ધ થઈ ગયા. ગમે તેવી પરિસ્થિતિમાં દાન માટે તૈયાર કર્ણ માટે તેમને ખૂબ અહોભાવ થયો.

આ તો સમય-સમયની વાત છે.

તમે વિચારતા હશો ને કે કર્ણ જેટલું ન અમારી પાસે ધન છે, ન વીરતા. તો અમારે દાન કેવી રીતે કરવું ? કર્ણ જેવી દાનવીરતા આ કાળમાં તો અશક્ય છે. પણ મિત્રો, લક્ષ્મીના દાન સિવાય પણ દાન કરવું સંભવ છે.



# દાનના ચાર પ્રકાર

**દાદાશ્રીએ દાનના ચાર પ્રકાર દર્શાવ્યા છે.**



**આહાર દાન** - એટલે ભૂખ્યાને જમાડવું.




**ઔષધ દાન** - એટલે કોઈ બીમાર અને ગરીબને દવા આપવી.



**જ્ઞાન દાન** - કોઈ ગરીબને ભણાવવાથી લઈને આત્મજ્ઞાન આપવા સુધીનું બધું જ્ઞાનદાન કહેવાય.



**અભય દાન** - કોઈપણ જીવને સહેજપણ દુ:ખ ન થાય, ભય કે ત્રાસ ન લાગે એવું વર્તન રાખવું એ અભયદાન.

આપણાથી જે શક્ય હોય તે દાન આપણે આપી શકીએ ને ?

# #કવિતા

સૂર્યપુત્ર કર્ણનું જીવન, સ્વયં એક અગ્નિ કુંડ છે...
કર્મના સૌથી વિકટ, ઘા સહનારો યોદ્ધા પ્રચંડ છે..

સ્વયં શ્વેત ધર્મની, અધર્મના રથ પર સવારી છે...
ધરા પર રાધા સુતની, વિવશતા સૌથી ભારી છે...

દિવસ થતો નથી, પ્રકાશના પુત્રની કેડી અંધારી છે..
અમૃત શોભે જેમાં, ઋણોથી ભરેલી ક્યારી છે...

ઈલાજ શું કરે એનો ? એને મિત્રતામાં મહામારી છે...
છેક અંદર સુધી ઘવાયેલો, એ કવચ-કુંડળ ધારી છે...

અંતિમ સમયે દર્શન દીધા, મા તું કેટલી પ્યારી છે..?
હવે શું કાઢવી ? ફાવી ગઈ કુળના પ્રશ્નોની કટારી છે..

અર્જુનના ભાગે શ્રીકૃષ્ણ, એના ભાગે ઘણા શ્રાપ છે...
જ્યાં દૃષ્ટિ માંડીને જુઓ, ત્યાં એક નવીન સંતાપ છે..

તન, મન, જીવન એવું તો ઘણું દીધું, અજબ દાનવીર છે...
આટલું કેમ પચાવી શકે ? જાણે સ્વયં સાગર ગંભીર છે....

પહેલેથી શોણીત સરતો, છતાં મેદાને પડેલો ધનુર્ધારી છે..
જીવન જાણે ઉર કંટક, કર્ણ ખાલી મૃત્યુનો આભારી છે....

દાદાના યુવાનો દ્વારા

**વર્ષ: ૯, અંક : ૫**
**સળંગ અંક : ૧૦૧**
**સપ્ટેમ્બર ૨૦૨૧**

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month




## 100 months of AY (Akram Youth) Celebration



Akram Youth Team
Selfie with **Pujyashri**

**www.akramyouth.org**

### અક્રમ યુથના સભ્યો માટે સૂચના

**૧.**આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

**૨.**જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**